ગાંધીનગર સમાચાર

ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં ગુજરાત મોડેલનું પ્રેઝન્ટેશન કરાશે

શહેરમાં સતત બીજા દિવસે હીટવેવ

આગ ઓકતી ગરમીમાં શેકાતા શહેરીજનો : સતત લૂ ફૂંકાતા મહત્તમ તાપમાન ૪૪.૬ ડિ.સે. સુધી પહોંચ્યું : કાળઝાળ ગરમીની જનજીવન પર અસર

ગાંધીનગર, તા. ૧૩

ચૈત્ર માસ બરાબર તપ્યો છે. આકાશમાંથી જાણે અગનગોળા વરસી રહ્યા છે. મહત્તમ તાપમાન ૪૪.૬ ડિ.સે. પહોંચતા વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા છે. હીટવેવની સીધી અસર જનજીવન પર જોવા મળી રહી છે. વસાહતીઓ આખો દિવસ ઘરમાં પુરાઈ રહ્યા હતા.

ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાત કાળઝાળ ગરમીની ચપેટમાં આવી ગયું છે. સમગ્ર વિસ્તારમાં શરીરને દઝાડતી ગરમી પડી રહી છે. આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા હોય તેવી ગરમી પડી રહી છે. દિવસ શરૂ થાય તે સાથે જ આકરી ગરમી અનુભવવા માંડે છે. આકરો તડકો અંગ દઝાડે છે. સૂર્યના કિરણો સીધા શરીરમાં ભોંકાતા હોય તેવુ લાગે છે. છેલ્લા ત્રણ દિવસથી તો તોબા પોકારાઈ જવાય તેવી ગરમી પડી રહી છે. હવામાન વિભાગે કરેલી આગાહી અનુસાર જ હીટવેવ ચાલુ રહી છે. આજે સતત બીજા દિવસે હીટવેવની અસર રહેતા મહત્તમ તાપમાન ૪૪.૬ ડિ.સે. સુધી પહોંચી ગયુ હતુ. બપોરના સમયે તો ઘરની બહાર પણ ન નીકળી શકાય તેવો માહોલ હતો. આકરી ગરમીના કારણે વસાહતીઓ ઘર અને ઓફિસમાં પુરાઈ રહ્યા હતા. ૧૧ થી છેક સાંજે ૫ વાગ્યા સુધી સમગ્ર શહેરને ગરમીએ જાણે બાનમાં લીધુ હતુ. શહેરના આંતરિક માર્ગો ઉપરાંત

● અનુસંધાન પાન-૭ પર

દાયકામાં ક્યારે કેટલી ગરમી

૬-૫-૨૦૦૧	૪૫.૦
૩-૫-૨૦૦૨	૪૫.૫
૪-૫-૨૦૦૨	૪૭.૭
૧૧-૫-૨૦૦૩	૪૪.૩
૫-૫-૨૦૦૪	૪૪.૬
૨૪-૫-૨૦૦૫	૪૪.૦
૫-૫-૨૦૦૬	૪૩.૬
૩-૫-૨૦૦૭	૪૨.૬
૧-૬-૨૦૦૭	૪૨.૮
૨૯-૫-૨૦૦૮	૪૨.૦
૧૭-૫-૨૦૧૦	૪૧.૮
૭-૬-૨૦૧૧	૪૨.૨
૧૬-૫-૨૦૧૨	૪૧.૮
૧૮-૫-૨૦૧૩	૪૩.૪
૪-૬-૨૦૧૪	૪૪.૬
૧૮-૫-૨૦૧૫	૪૭.૦
૧૯-૫-૨૦૧૬	૪૮.૦

આગામી ચોમાસા દરમિયાન ૬૨૦ હેકટરમાં ૧૯.૭૦ લાખ રોપાઓની વાવણી કરાશે

વનઆરક્ષિત વિસ્તારમાં ૩.૭૬ લાખ રોપાઓનુ વાવેતર કરાશે

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર જિલ્લામાં આગામી ચોમાસા દરમિયાન વન મહોત્સવ અંતર્ગત ૬૨૦ હેકટર જગ્યામાં ૧૯.૭૦ લાખ રોપાઓની વાવણી કરવામાં આવશે. જિલ્લામાં હરિયાળી બરકરાર રાખવા માટે વનતંત્ર દ્વારા અત્યારથી જ તૈયારી શરૂ કરી દેવાઈ છે. વન આરક્ષિત જગ્યામાં પણ ૩.૭૬ લાખ રોપાઓની વાવણી કરાશે.

ગાંધીનગર શહેરની હરિયાળી બરકરાર રાખવા માટે વનતંત્ર દ્વારા પ્રતિવર્ષ ચોમાસા દરમિયાન રોપાઓની વાવણી કરવામાં આવે છે. નગરમાં વિકાસ કામોના નામે સંખ્યાબંધ વૃક્ષોની કટોતી થઈ છે. જયારે જિલ્લામાં પણ રોડનેટવર્કને અપગ્રેડ કરવા માટે સેંકડો વૃક્ષોનુ નિકંદન વળી ગયુ છે. પેથાપુર મહુડી માર્ગના કામ દરમિયાન પણ વૃક્ષોનો સફાયો થયો હતો. જયારે હાલ ચિલોડા નરોડા માર્ગના વાઈડનીંગ દરમિયાન પણ ૪ હજાર જેટલા વૃક્ષો કપાશે . શહેરમાં પણ હરિયાળી સામે ખતરો મંડરાયેલો છે. ત્યારે વૃક્ષોના ઉછેર માટે વનતંત્ર પણ જાગૃત છે. વૃક્ષોની કટોતી સામે પ્રકૃતિ પ્રેમીઓમાં નારાજગી વ્યાપી છે. શહેરમાં વનતંત્ર દ્વારા ઉપલબ્ધ જગ્યામાં ખાડા કરવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. શહેરમાં આગામી ચોમાસા દરમિયાન ૮ હજાર જેટલા વૃક્ષોની વાવણી કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે જિલ્લામાં પણ ૬૨૦ હેકટરમાં વૃક્ષોની વાવણી કરવામાં આવશે. આ માટે વનતંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરી દેવાઈ છે. આગામી ચોમાસા દરમિયાન વનમહોત્સવ અંતર્ગત જિલ્લામાં ૧૯.૨૦ લાખ રોપાઓની વાવણી કરવામાં આવશે. જયારે લોકભાગીદારીથી ૧ લાખ રોપાઓની વાવણી કરાશે. આ ઉપરાંત વનઆરક્ષિત જગ્યામાં ૩.૭૬ લાખ રોપાઓનુ વાવેતર કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. વનતંત્ર દ્વારા આગામી ચોમાસા દરમિયાન રોપાઓની વાવણી માટે તૈયારીઓ કરી દેવાઈ છે. જયારે શહેરી વિસ્તાર ઉપરાંત જિલ્લાની વનઆરક્ષિત જગ્યા અને અન્ય ઠેકાણે પણ મોટી સંખ્યામાં વૃક્ષોની વાવણી કરવાનુ આયોજન કરી દેવાયુ છે.

ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં ગુજરાત મોડેલનું પ્રેઝન્ટેશન કરાશે

ભુવનેશ્વર ખાતે આવતીકાલથી આરંભાતી રાષ્ટ્રીય કારોબારીમાં ગુજરાતના ત્રણ કાયદાઓના મુદ્દાઓનું વિગતવાર પ્રેઝન્ટેશન કરાશે

ગાંધીનગર, તા. ૧૩

ભુવનેશ્વર ખાતે ૧૫મી એપ્રિલથી બે દિવસ ભાજપની રાષ્ટ્રીય કાર્યકારીણીની બેઠક મળનાર છે. જેમાં ગુજરાત સરકાર દ્વારા ઘડવામાં આવેલા ત્રણ કાયદાઓ મુદ્દે પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ઉત્તરપ્રદેશ ઉત્તરાખંડમાં ભાજપને મળેલા ભવ્ય વિજય બાદ ભુવનેશ્વર ખાતે ભાજપની રાષ્ટ્રીય કાર્યકારીણીની પ્રથમવાર બેઠક મળી રહી છે. આ બેઠકમાં ભાજપ દ્વારા ભાવી કાર્યક્રમો ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ભુવનેશ્વર ખાતે ૧૫મી અને ૧૬મી એપ્રિલ એમ બે દિવસ ભાજપા પ્રમુખ અમીત શાહની અધ્યક્ષતામાં પક્ષની રાષ્ટ્રીય કાર્યકારીણીની બેઠક મળનારી છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ઉપસ્થિત રહેનાર હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત વિગતો મુજબ બેઠકમાં તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા ઘડવામાં આવેલા મહત્વના ત્રણ કાયદાઓ પશુ સંરક્ષણ સુધારા વિધેયક, ફી નિર્ધારણ સુધારા વિધેયક સહીતના કાયદાઓ અંગે ગુજરાત સરકાર દ્વારા પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે અને અન્ય ભાજપ શાસીત રાજ્યોમાં આ કાયદાઓ ઘડવા માટે વિચારણા કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. ભુવનેશ્વર ખાતે મળનારી બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સહીત કાર્યકારીણીના સભ્યો હાજરી આપવા આવતીકાલે ભુવનેશ્વર જશે.

અછતગ્રસ્ત વિસ્તારોમાં પશુદીઠ ૨૫ની સહાય

ગાંધીનગર, તા. ૧૩

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજયમાં સંભવિત અછતની પરિસ્થિતિ સંદર્ભે સાવચેતીના ભાગરૂપે રાજ્યના પશુપાલકોના પશુધનની જાળવણી માટે માનવતાલક્ષી નિર્ણય કર્યો છે. અછતગ્રસ્ત વિસ્તારોમાં શરૂ કરવામાં આવતા કેટલ કેમ્પમાં પશુ નિભાવ માટે પશુદીઠ રૂ. ૨૫ની સહાય આપવાનો નિર્ણય કર્યો છે.

તેમણે ઉમેર્યું કે રાજયના સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લાના બે તાલુકાના ૧૮ ગામોમાં અછતની પરિસ્થિતિ જાહેર કરવામાં આવી છે. જેને ધ્યાને લઈને આ બાર જિલ્લાઓમાં પશુઓની જાળવણી માટે આ મહત્વનો નિર્ણય કરાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અછતગ્રસ્ત જાહેર કરેલ વિસ્તારમાં રજીસ્ટર્ડ સ્વૈચ્છિક સંસ્થા/ રજીસ્ટર્ડ ટ્રસ્ટ દ્વારા કલેક્ટરની પૂર્વ મંજુરી બાદ શરૂ કરેલ ઢોરવાડા (કેટલ કેમ્પ)ના પશુઓને પશુસહાય ચુકવવાનું ધોરણ નક્કી કરવામાં આવ્યું છે. જેમાં અછત/અર્ધ-અછતગ્રસ્ત વિસ્તારના પશુઓના ઘાસચારાની જરૂરિયાતને હળવી કરવા અને આવા વિસ્તારના પશુઓની નિભાવણી સરળતાથી પાર પાડવાના હેતુથી જિલ્લાના કલેક્ટરની લેખીત મંજૂરી મેળવ્યા બાદ અછતગ્રસ્ત વિસ્તારોમાં પશુઓને નિભાવવા સારૂ જો કોઈ રજીસ્ટર્ડ સ્વૈચ્છિક સંસ્થા અથવા રજીસ્ટર્ડ ટ્રસ્ટ ઢોરવાડા (કેટલ કેમ્પ) શરૂ કરે તો, આવા ઢોરવાડાના પશુઓને પ્રતિદિન પશુદીઠ રૂ. ૨૫ (રૂપિયા પચ્ચીસ પૂરા) પશુ સહાય આપવામાં આવશે.

અછતગ્રસ્ત વિસ્તારમાં આવેલી પાંજરાપોળ/ગૌશાળાઓને પશુસહાય ચુકવવા અને તેનું ધોરણ (પાત્રતા) નક્કી કરવામાં આવ્યું છે. જેમાં જાહેર કરેલ તથા હવે પછીનાં વખતો વખત રાજ્ય સરકાર જાહેર કરે તે અછતગ્રસ્ત વિસ્તારમાં જ સ્થિત પાંજરાપોળ/ગૌશાળા ચલાવવાના હેતુ માટે જ રજીસ્ટર્ડ થયું હોય, તેવા ટ્રસ્ટ દ્વારા સંચાલિત હોય તેવી જ કાયમી પાંજરાપોળ/ગૌશાળાના અછત જાહેર થાય તે તારીખથી તેના જૂના પશુઓ (કાયમી ઓપનીંગ બેલેન્સ) અને અછત

● અનુસંધાન પાન-૭ પર

નાણાકીય શિસ્તના કારણે ગુજરાતની સ્થિતિ મજબુત

અંદાજપત્રમાં ૯૮ ટકાથી વધુ ખર્ચ કરાયો : ગુજરાત સરકારની તિજોરીમાં ૧૧૪૧૨ કરોડની પુરાંત જમા : પારદર્શકતાના લીધે મજબૂત સ્થિતિ : નીતિન પટેલ

અમદાવાદ, તા.૧૩

નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજ્ય સરકારની પારદર્શિય નીતિ, નાણાંકીય શીસ્ત અને ટેકનોલોજીના મહત્તમ ઉપયોગના કારણે ગુજરાતની નાણાંકીય સ્થિતિ આર્થિક રીતે ખુબ જ સદ્ધર છે. આ વર્ષના અંદાજપત્રમાં ફાળવેલ રકમના ૯૮ ટકાથી વધુ ખર્ચ કરવા છતાં પણ રૂપિયા ૧૧૪૧૨ કરોડની પુરાંત રાજ્ય સરકારની તિજોરીમાં રહેવા પામી છે.નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યના સર્વાંગી વિકાસની વિકાસ યાત્રાને વેગવાન બનાવવા માટે રાજ્ય સરકારે અંદાજપત્રની ૫૪ ટકાથી વધુ રકમ સેવા ક્ષેત્રો માટે ફાળવીને તમામ ખર્ચ કરી પ્રાથમિક સુવિધાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડી છે. રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૪૮૨૦૫.૭૬ કરોડના અંદાજે ખર્ચ માટે રાખ્યા હતા. તેની સામે ૧૩૫૯૫૩.૮૧ કરોડનો ખર્ચ કરીને ૯૮ ટકાથી વધુ સિદ્ધિ હાસલ કરી છે. અંદાજપત્રના ૯૧.૭૩ ટકા ગ્રાન્ટ ફાળવીને ૯૮ ટકાનો ખર્ચ પણ કર્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાકીય લાભો લોકોને પહોંચાડવા માટે સમયસર ગ્રાન્ટની

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

મારા ફુઆશ્રી **ભાનુભાઈ લક્ષ્મણભાઈ મહેતા** (ગુજરાત રાજ્યના નિવૃત્ત કાયદા સચિવશ્રી)નું કેનેડા ખાતે તા. ૧૦/૪/૨૦૧૭ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૫/૪/૨૦૧૭ને શનિવારના રોજ સવારે ૯થી ૧૧ કલાકે** તેઓના નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : પ્લોટ નં. ૧૨૬૬/૨, સેક્ટર-૭/ડી, ગાંધીનગર

લી.

સુશીલાબેન ભાનુભાઈ મહેતા (નિવૃત્ત પોસ્ટ માસ્તર)
ડૉ. નિમિષ આઈ. બામટા (મો. ૯૪૨૭૩ ૨૬૨૨૬)
અમિષભાઈ ભાનુભાઈ મહેતા
પૂર્વિનભાઈ ભાનુભાઈ મહેતા

બેસણું

અમારા પૂજ્ય માતૃશ્રી **સ્વ. મંગુબેન ડાહ્યાભાઈ પટેલ** સંવત ૨૦૭૩ ચૈત્ર સુદ - પૂનમ તા.૧૧-૪-૨૦૧૭ ને મંગળવાર ના રોજ અક્ષર નિવાસી થયેલ છે.

સદ્‌ગતનું **બેસણું તા.૧૬-૪-૨૦૧૭ ને રવિવાર** ના રોજ સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાકે રાયસણ મુકામે રાખેલ છે.

સ્થળ : સ્વર્ણિમ હૉલ, મુ. રાયસણ, તા.જી. ગાંધીનગર.

લિ.

દશરથભાઈ ડાહ્યાભાઈ પટેલ
પ્રવિણભાઈ ડાહ્યાભાઈ પટેલ
સ્વ. અમૃતભાઈ ડાહ્યાભાઈ પટેલ (મેયર, ગાંધીનગર મહાનગરપાલિકા)
વિષ્ણુભાઈ ડાહ્યાભાઈ પટેલ
ભરતભાઈ ડાહ્યાભાઈ પટેલ
સ્વ. પુનમભાઈ ડાહ્યાભાઈ પટેલ

જોઈએ છે

સિમેન્ટ લાઈનના અનુભવી વ્યક્તિની માર્કેટીંગ માટે જરૂરિયાત છે.

કોન્ટેક્ટ નં.
૯૪૨૬૦ ૮૭૫૪૪

પૂજારી જોઈએ છે

શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદિર, સેક્ટર-૬, ગાંધીનગર માટે, સ્થાનિકને અગ્રતા અપાશે. ફોટો-બાયોડેટા સાથે રૂબરૂ મળો.

વેલકેર

ચીપટાઈપ શોપીંગ, સેક્ટર-૬/ડી, ગાંધીનગર.
ફોન : ૨૩૨૪૧૪૧૫

દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિ
શ્રદ્ધાંજલિ

સ્વ. જગદીશભાઈ બાબુભાઈ પટેલ
કર્મયોગી-ચિલોડા
(માજી ચેરમેન, ચિલોડા સેવા. સ. મંડળી)
જન્મ તા. ૧૬/૧૧/૧૯૬૧ સ્વ. તા. ૧૪/૪/૨૦૧૫

અમારા જીવનના ઘડયૈયા તમે, તમારા સંસ્કારોથી શોભતા અમે
સંઘર્ષ તમે કર્યો, સુખ અમને મળ્યું, કર્મ તમે કર્યા, ફળ અમને મળ્યાં.
કોઈ કહે પૂણ્ય કમાઈ ગયા, કોઈ કહે સુવાસ ફેલાવીને ગયા,
અમે તો કહીશું, અમારા સર્વસ્વ ગયા
જીવન એવું જીવ્યા કે જોનારા સૌ જોયા કરે,
કર્મ સદા એવા કર્યા કે, સૌના હૃદયમાં ગુંજ્યા કરે,
વ્યવહાર કદી ચૂક્યા નહીં, ધર્મ કદી ભૂલ્યા નહીં,
સુખ-દુઃખમાં સતત હસતા રહ્યા...
પ્રભુ આપના દિવ્ય આત્માને સદ્‌ગતિ અને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

તમારા અમે સૌ.
ગાં.સ્વ. આશાબેન જગદીશભાઈ પટેલ (પત્ની)
પટેલ જૈમિન જગદીશભાઈ (પુત્ર) ગાં.તા. યુવા ભાજપ મંત્રી ચેરમેન, ચિલોડા સેવા સહકારી મંડળી
પટેલ અનુજ જગદીશભાઈ (પુત્ર)
પટેલ રમણભાઈ જીવાભાઈ (કાકા)
પટેલ પ્રવિણભાઈ બાબુભાઈ (ભાઈ)
પટેલ જશવંતભાઈ રમણભાઈ (ભાઈ)
પટેલ રોહિતભાઈ રમણભાઈ (ભાઈ)
પટેલ સુભાષભાઈ રામાભાઈ (વકીલ)
પટેલ કમલેશભાઈ કોદરભાઈ (સાળા) સરપંચશ્રી, જાખોરા-રાજપુર ગુપ ગ્રામ પંચાયત
તથા સમસ્ત હરિભા પરિવાર

સામાજીક સમરસતાના પ્રણેતા
ડો. બાબા સાહેબ આંબેડકરજીની ૧૨૬મી જન્મ જયંતિ નિમિત્તે
સર્વ સમાજને શુભેચ્છાઓ સહ..

ગુજરાત રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા (અનુસૂચિત જાતિનું કલ્યાણ, સમાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત) મહિલા અને બાળ વિકાસ કેબિનેટ મંત્રી માન.શ્રી આત્મારામ પરમાર દ્વારા વર્ષ : ૨૦૧૭-૧૮ માટે રાજ્યના અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, લઘુમતિ સમાજ તેમજ મહિલાઓ અને બાળકોના ઉત્કર્ષ અને વિકાસ માટે નવીનત્તમ યોજનાઓની માગણીઓ વિધાનસભામાં રજૂ કરવા બદલ ખૂબ ખૂબ શુભેચ્છાઓ... આપશ્રી આપના સામાજિક અને રાજકીય ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી આપશ્રીને અમારી શુભકામનાઓ તથા આપશ્રી દ્વારા સામાજિક સમરસતાની હૂંફ લાવવા બદલ આપશ્રીને અમારા સ્નેહભર્યા અભિનંદન....

લિ.
દિલીપ મૌર્ય
(પૂર્વ પ્રમુખ, ભાજપા અનુજાતિ મોરચો, ગાંધીનગર મહાનગર)
બાલુજી જી. ઠાકોર
(પૂર્વ ઉપપ્રમુખ, ભાજપા, બક્ષીપંચ મોરચો, ગાંધીનગર)

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com